ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

૧૨ | મંગળવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

GNFC ટાઉનશિપમાં દીપડો ઘૂસ્યો

ભરૂચની GNFC ટાઉનશિપમાં ફફડાટનો માહોલ

સિક્યુરિટી અને વન વિભાગે બે પાંજરાં ગોઠવ્યાં



ભરૂચ : ભોલાવ GIDC ફેઝ-1માં 22 દિવસ પહેલા દેખાયેલો દીપડો હવે શહેરી વિસ્તારમાં ડગ માંડતાં નગરજનોમાં અચરજ અને ફફડાટ વ્યાપી ગયો છે. હાલમાં ભરૂચ GNFC ટાઉનશિપમાં દીપડો દેખાતાં સિક્યુરિટી અને વન વિભાગે તેને પકડવા બે પાંજરાં ગોઠવી દીધાં છે.

ગત 1લી નવેમ્બરના રોજ ભોલાવ GIDC ફેઝ-1 વિસ્તારમાં દીપડો દેખાયો હતો. તેને પકડવા તંત્રએ કમર કસી હતી, પરંતુ સફળતા મળી ન હતી. ત્યારબાદ 22 દિવસે ટાઉનશિપની સ્ટ્રીટ નંબર 24, 9 અને 14 પાસે તથા ઝાડીઓમાં દીપડો જોવા મળ્યો છે. GNFC સિક્યુરિટી ડિપાર્ટમેન્ટના એડિશનલ મેનેજર જયેશ ચાકોએ જણાવ્યું કે, રવિવારે વહેલી સવારે સિક્યુરિટી ગાર્ડે ટાઉનશિપની ઝાડીઓમાં દીપડો જોયો હતો. ત્યારબાદ સિક્યુરિટી ટીમે ટાઉનશિપની ઘેરાબંધી કરી વન વિભાગને જાણ કરી હતી. સિક્યુરિટી અને વન વિભાગની ટીમે આખી રાત પેટ્રોલિંગ કર્યું હતું. દીપડો બહાર આવી શકે તેવા વિસ્તારોમાં આગનો ઘેરાવ પણ કરવામાં આવ્યો હતો. જોકે, દીપડો હજુ પાંજરે પુરાયો નથી.

સોમવારે સવારથી ગોલ્ફ ગ્રાઉન્ડ સહિતના વિસ્તારોમાં ફરી સર્ચ ઓપરેશન શરૂ કરાયું છે અને વધુ પાંજરાં મૂકવાની તૈયારી ચાલી રહી છે. ભરૂચ વન વિભાગના RFO સહિતની ટીમ સ્થળે પહોંચીને બે પાંજરાં ગોઠવી દીધાં છે. દીપડો સુરક્ષિત રીતે પકડાય ત્યાં સુધી સિક્યુરિટી અને વન વિભાગનું ઓપરેશન ચાલુ રહેશે. જોકે, દીપડો પકડાય છે કે ભોલાવની જેમ હાથ તાલી આપી જાય છે, તે જોવાનું બાકી છે.



ટાઉનશિપના લોકો માટે અવરનેસ ટ્રેનિંગ

ટાઉનશિપમાં રહેતા કર્મચારીઓ અને તેમના પરિવારોને સાવચેત કરવા આજે સાંજે SNR ક્લબ ખાતે અવેરનેસ અને ટ્રેનિંગ સેશન યોજાયું હતું. GNFCના MD અને એડિશનલ જનરલ મેનેજર પી.જે.કાપડિયાના માર્ગદર્શન હેઠળ RFO દિવ્યાબેન ચૌધરીએ આ સેશન લીધું હતું.

જૂના ભરૂચમાં ભીષણ આગ મકાનનું માળિયું ધરાશાયી

ઘરવખરી બળીને ખાખ, પરિવારને ભારે નુકસાન



ભરૂચ: જૂના ભરૂચના સોનેરી મહેલ નજીક આવેલા નાના ભોઇવાડ વિસ્તારમાં સંજય જાદવના રહેણાક મકાનમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આગની પ્રચંડ ગરમીને કારણે મકાનનું માળિયું પણ ધરાશાયી થયું હતું. જોકે, સદનસીબે આગ લાગી ત્યારે પરિવારના સભ્યો ઘરની બહાર હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી.

આગને કારણે મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા ઊડવા લાગ્યા હતા. ઘરમાં રહેલી ટીવી, ફ્રિજ સહિતની નવી ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ અને અન્ય ઘરવખરી આગની લપેટમાં આવી જતા બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ભરૂચ નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ બે ફાયર બ્રિગેડ સાથે ઘટના સ્થળે પહોંચી હતી. જૂના ભરૂચના અત્યંત સાંકડા રસ્તા અને આગના કારણે મકાનનું માળિયું ધરાશાયી થતાં ફાયર ફાઇટરોને કામગીરીમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં સતત પાણીનો મારો ચલાવી અંદાજે એક કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. બળેલા મકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. આગથી ભારે નુકસાન થયું હતું.

તડકેશ્વરમાં ૩૧ કિલો ગૌમાંસ સાથે એક ઝડપાયો

માંડવીઃ અરેઠના તડકેશ્વર ગામમાં તડકેશ્વર પોલીસે બાતમી મળતા રૂ.૬,૨૦૦ની કિંમતનું ૩૧ કિલો ગૌમાંસ ઝડપી પાડ્યું હતું. નવી નગરી ફળિયામાં રહેતા ઈસ્માઈલ સાબીર સેલોત (ઉ.વ.૫૬)ના ઘરે ગૌમાંસ વેચાણ અર્થે ઉતારવામાં આવ્યું હોવાની ચોક્કસ માહિતી પોલીસને મળી હતી. પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યારે પોલીસને જોઈને ભાગવા જતાં ઈસ્માઈલ સેલોતને ઝડપી લેવાયો હતો. તેના મકાનમાંથી બે પ્લાસ્ટિકના કોથળામાં ભરેલું ૩૧ કિલો ગૌમાંસ, ગૌમાંસ લાવવા માટે વપરાયેલી કાર નં. (GJ-06-CM-4855) તેમજ માંસ કાપવાના લાકડાંના બે પાટલા મળી કુલ રૂ.૩૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. તો ગૌમાંસ પૂરું પાડનાર હથોડાના છોટુભાઈને વોન્ટેડ જાહેર કરાયો છે.

ઉચ્છલના હનુમાન ફળિયામાં આંગણવાડી બનાવવા માંગ

વ્યારાઃ ઉચ્છલ ખાતે હનુમાન ફળિયામાં જર્જરિત બનેલી આંગણવાડીનું મકાન તોડી નવું મકાન બનાવવા વારંવાર તંત્રને તાલુકા જિલ્લા સ્તરે રજૂઆત કરવા છતાં આજદિન સુધી જર્જરિત આંગણવાડીને તોડી નવું મકાન તૈયાર કરવામાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતાં સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જર્જરિત આંગણવાડી કેન્દ્રમાં બેસાડીને બાળકોને અભ્યાસ કરવાની નોબત આવતાં બાળકોની સુરક્ષાને ધ્યાનમાં લઈને ગતરોજ હનુમાન ફળિયાના રહીશોએ ગતરોજ ઉચ્છલ મામલતદારને સામૂહિક રીતે આવેદનપત્ર આપી લેખિત નિર્ણય આપવાની માંગણી કરવામાં આવી હતી.

ઝઘડિયા ચોકડી નજીક ટ્રક-મોપેડ અથડાતાં પિતા-પુત્રીનાં મોત

સિસોદરા ગામના 48 વર્ષીય મેહુલભાઇ પટેલ અને તેમની 18 વર્ષીય દીકરી સાઇની અંકલેશ્વર જતાં હતાં



ઝઘડિયા, ભરૂચઃ ઝઘડિયા ચોકડી નજીક બમ્પ પાસે સોમવારે સવારે પોણા અગિયાર વાગ્યાના અરસામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રકની અડફેટે મોપેડ સવાર પિતા-પુત્રીને ઘટના સ્થળે જ કાળ ભરખી ગયો હતો. આ ઘટનાથી સ્થાનિક વિસ્તારમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે.

રાજપીપળા નજીકના સિસોદરા ગામના મેહુલભાઈ પ્રફુલભાઈ પટેલ (ઉ.વ.48) તેમની 18 વર્ષીય દીકરી સાઈનીકુમારી મેહુલભાઈ પટેલ સાથે મોપેડ નં.(GJ-22,Z-3588) પર સવાર થઈ અંકલેશ્વર તરફ જઈ રહ્યા હતા. એ વેળા ઝઘડિયા ચોકડી ઉપર આવેલ બમ્પ પાસે પાછળથી આવેલી એક ટ્રક નં.(GJ-16, AY-5779)ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોપેડ પર સવાર પિતા-પુત્રી રસ્તા પર પટકાયા હતા અને તેઓ ટ્રકના વ્હીલ નીચે આવી જતાં બંનેને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર અકસ્માતમાં પિતા-પુત્રી બંનેનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. એક જ પરિવારના બે સભ્યનાં મોતથી પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો.

આ બનાવ અંગે મૃતક મેહુલભાઈના ભાઈ સંતોષભાઈ પ્રફુલભાઈ પટેલ (રહે.,સિસોદરા) ની ફરિયાદના આધારે ઝઘડિયા પોલીસ મથકમાં ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. આ મામલે પોલીસે વધુ તપાસ આદરી છે.

અકસ્માતોની વણથંભી પરંપરા, સ્થાનિકોમાં રોષ

ઝઘડિયા તાલુકામાં ભારે વાહનોની સતત અવરજવર અને ગ્રામ્ય માર્ગો પર વધતા વાહનવ્યવહારને પગલે અકસ્માતોની ઘટનાઓ ચિંતાજનક બની છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ઝઘડિયા ત્રણ રસ્તા પાસે લાંબા સમયથી રસ્તાનું કામ ચાલી રહ્યું છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની છે. રસ્તાના કામને કારણે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થતો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. વધુમાં સ્થાનિકોએ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે, રેતી અને કપચી સહિતના ખનીજો લઈ જતાં ભારે વાહનોની અવરજવરને કારણે આવા અકસ્માતો વારંવાર બની રહ્યા છે. વારંવાર થતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને સ્થાનિકોએ ભારે વાહનોની ઝડપ પર નિયંત્રણ લગાવવા અને ટ્રાફિક વ્યવસ્થા સુધારવાની માંગ કરી છે. સ્થાનિકોએ રસ્તાનું કામ સમયસર પૂર્ણ કરવાની પણ માંગ કરી છે.

સેજવાડમાં સુરત મજૂરીએ જતા પરિવારનું અપહરણ

13 વર્ષીય કિશોરને નહેરમાં ફેંકી હત્યાનો પ્રયાસ

બારડોલીઃ બારડોલી તાલુકાના સેજવાડ ગામની સીમમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રના જલગાંવથી સુરત મજૂરીકામ માટે આવી રહેલા શ્રમિક પરિવારની માતા અને બાળકોનું અપહરણ કરી 13 વર્ષીય કિશોરને મારી નાંખવાના ઈરાદે નહેરમાં ફેંકી દેવાયો હતો. જોકે, કિશોર તરીને બહાર નીકળી જતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

મહારાષ્ટ્રના જલગાંવના સોનવદ ગામે રહેતી 25 વર્ષીય ખુશીબેન કુંભારે 23 નવેમ્બર, 2026ના રોજ બારડોલી રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ ખુશીબેનની માતા કવિતાબાઈ, સાવકા પિતા નીતિન ઉર્ફે ભુરીયા, બે વર્ષનો ભાઈ પ્રથમેશ તથા સગા ભાઈ-બહેનો હરીશ (16), કરન (13) અને સ્વીટી (9) 21 નવેમ્બરની સાંજે એરંડોલથી સફેદ ઈક્કો ગાડીમાં સુરત જવા નીકળ્યાં હતાં, જેમાં ડ્રાઈવર આભા અને બંટી નામનો શખ્સ હતો. વ્યારા-બારડોલી નેશનલ હાઈવે નં.53 પર પાછળથી આવેલી સફેદ કારમાં ખંડીયો અને એક અજાણ્યો શખ્સ આવ્યા હતા અને કવિતાબાઈ, પ્રથમેશ તથા નીતિનભાઈને પોતાની કારમાં બેસાડી લઈ ગયાં હતાં.

ત્યારબાદ આભા અને બંટી હરીશ, કરન અને સ્વીટીને લઈ સેજવાડ ગામની સીમમાં હાઈવે નજીકની નહેર પાસે પહોંચ્યા હતા. નવું ઘર બતાવવાના બહાને લઈ જઈ 13 વર્ષીય કરનને નહેરમાં ફેંકી હરીશ અને સ્વીટીનું અપહરણ કરી નાસી છૂટ્યાં હતાં. કરન નાળા નીચેથી તરીને પાઈપ પકડી બહાર નીકળ્યો અને પેટ્રોલ પંપ પર પહોંચી મદદ મેળવી હતી. 22 નવેમ્બરે પોલીસે કરનને ખુશીબેન પાસે પહોંચાડ્યા બાદ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે BNSની કલમ 140(1), 109(1) અને 54 હેઠળ ગુનો નોંધી PI પ્રદ્યુમનસિંહ જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે

સંક્ષિપ્ત સમાચાર

વાલિયાની મહિલા કોલેજમાં આંતરરાષ્ટ્રીય પરિષદ



ભરૂચઃ વાલિયામાં આવેલી શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ તેમજ સોશિયલ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ વેલફેર એસોસિએશન (મહિલા વિભાગ)ના ઉપક્રમે તા.3 અને 4 નવેમ્બરના રોજ "ટકાઉ અને સર્વસમાવેશી વિકાસ માટે મહિલા સશક્તિકરણ: તકો, પડકારો અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યો" વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ (ICWE-2026)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ ડો. કે.એસ.ચાવડા, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો.રમેશદાન સી.ગઢવી, ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી અને જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રથમ દિવસે ન્યૂઝીલેન્ડના પ્રો. ડો.સિહામ અલ-કાફાજી, ફિલિપાઇન્સના ડો.બ્લેસ મેરિકર બી. રામોસ, બલ્ગેરિયાના ડો. સિલ્વિયા જ્યોર્જિએવા તથા ભારતનાં ડો.સવિતા મિશ્રા અને ડો.નેહા અરુણ હરિયાણી સહિતના પ્રતિષ્ઠિત વક્તાઓએ મહિલા સશક્તિકરણના વિવિધ પાસાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ભરૂચમાં કાર સાથે ભયજનક સ્ટંટ કરતા આરોપીની ધરપકડ કરાઈ



ભરૂચ: ભરૂચ શહેરના હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે જાહેરમાં ફોરવ્હિલ કાર સાથે ભયજનક રીતે સ્ટંટ કરીને સામાન્ય નાગરિકોમાં ભય ફેલાવનાર એક ઇસમે વિડીયો વાયરલ કર્યો હતો. આ ઘટના પોલીસ વિભાગની નજરે ચઢતાં આ શખ્સ વિરુદ્ધ ભરૂચ 'એ' ડિવિઝનમાં ગુનો નોંધીને તેની ધરપકડ કરવામાં આવી છે. ગત તા.22 નવેમ્બરના રોજ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાઅતે થયેલા આ સ્ટંટનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે PI કે.ડી. માંગરોલીયા, સર્વેલન્સ ટીમ, હ્યુમન ઇન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ સર્વેલન્સે જોતાં તાત્કાલિક ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઝડપાયેલા આરોપીનું નામ બ્રજમનસિંહ મુકેશસિંહ સીકરવાર (રહે.,એ-16, સિદ્ધેશ્વરી રેસિડેન્સી, મોતાલી, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ) હોવાનું જાણવા મળ્યું છે. ભરૂચ એ ડિવિઝન પોલીસે સ્ટંટબાજ વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી શરૂ કરી છે.

કીમમાં હત્યાની ધમકી આપી 18 લાખની ખંડણી માંગતા ગુનો

વડોલી-અણીતા રોડ પર બાંધકામ વ્યવસાયીને વોટ્સએપ કોલ કરી ખંડણીની માંગણી કરાઈ હોવાની ફરિયાદ

રૂપિયા નહીં આપે તો ભરબજારમાં માર મારી જાહેરમાં ઇજ્જત ઉતારવાની પણ ધમકી

કીમઃ કીમ ગામના આશિયાના નગરમાં રહેતા એક શખ્સે બાંધકામ વ્યવસાયીને રૂ.18 લાખની ખંડણી માંગ્યાની ફરિયાદ કીમ પોલીસ મથકમાં નોંધાઈ છે.

ઓલપાડના બાલાજી લક્ઝુરિયામાં રહેતા અને બાંધકામનો વ્યવસાય કરતા 58 વર્ષીય વિનોદકુમાર બાલચંદભાઈ બોરડીયા ગત તા.19 નવેમ્બરના રોજ પોતાની કાર લઈ ઓલપાડથી કીમ તરફ આવી રહ્યા હતા. દરમિયાન વડોલી ગામથી અણીતા ગામની વચ્ચેના માર્ગ પર પહોંચતા તેમને વોટ્સએપ મારફતે ફોન કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા અનુસાર કીમના આશિયાના નગરમાં રહેતા કાનાભાઈ કાળુભાઈ કાનમીયાએ રૂ.18 લાખની ખંડણી માંગી હતી. જો રૂપિયા નહીં આપે તો ભરબજારમાં માર મારી જાહેરમાં ઈજ્જત ઉતારવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે વિનોદકુમાર બોરડીયાની ફરિયાદના આધારે કીમ પોલીસે આરોપી કાનાભાઈ કાનમીયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 308(4) અને 351(3) હેઠળ તા.22 નવેમ્બરના રોજ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જૂના બોરભાઠા બેટ ગામે નદી કિનારે લાશ મળી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના જૂના બોરભાઠા બેટ ગામ નજીક નદી કિનારેથી વિકૃત હાલતમાં એક મૃતદેહ મળી આવ્યો હતો.

અંકલેશ્વરના જૂના બોરભાઠા બેટ ગામ નજીક આવેલા તપોવન આશ્રમના નદી કિનારેથી એક મૃતદેહ મળી આવ્યો હતો. નર્મદા નદીના પાણીમાં તરતી અને વિકૃત હાલતમાં એક વૃદ્ધનો મૃતદેહ જોવા મળતાં સ્થાનિકો ટોળે વળ્યા હતા, જ્યાં નાવિકો દ્વારા સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ધર્મેશ સોલંકી અને તેમની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મૃતદેહને હેમખેમ પ્રકારે નાવડી દ્વારા પાણીમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસે મૃતદેહ અંગે વધુ તપાસ હાથ ધરી છે.





પાસપોર્ટ ખોવાયો છે

પાસપોર્ટ નંઃ V2354281 જે તા. ૧૦/૧૧/૨૦૨૬ ના રોજ અમારા ઘરે તપાસ કરતા તે સમય દરમ્યાન મુકેલ ઓરીજનલ પાસપોર્ટ કયાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તેમણે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

કાંતાબેન ધીરૂભાઈ ડોબરીયા
રહેવાસી : ૧૦૯, સ્વપ્નવિલા, દાદાભગવાન મંદિર, નનસાડ રોડ,મોજે કામરેજ,તા.કામરેજ, જી.સુરત-૩૯૪૧૮૦

